## જન્મદિને વધામણી


દીપકકુમાર વી તન્ના
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા


નીતા રાણા
સભ્ય, લાયોનેસ ક્લબ


રાધાબેન ગિરિશચંદ્ર યાદવ
મો. ૯૮૨૪૪ ૩૨૪૪૩

# જીટીયુમાં પાંચમી ડિસેમ્બરના રોજ નવી ઍજ્યુકેશન પૉલિસી માટે કૉન્ફરન્સ

ગાંધીનગર, તા. ૨૭

જીટીયુ ખાતે આગામી તારીખ પાંચમી ડિસેમ્બરના રોજ હાયર ઍજ્યુકેશન પૉલિસી તૈયાર કરવા બાબતે એક કૉન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દેશની ૫૦ ટૅકનોલૉજીકલ યુનિવર્સિટીઝના કુલપતિઓ ઉપસ્થિત રહેશે.

કેન્દ્રના માનવ સંસાધન મંત્રાલયના અધિકારીઓ પણ આ કૉન્ફરન્સમાં ભાગ લેશે. આ કૉન્ફરન્સમાં લેવામાં આવનારા નિર્ણયો નવી ઍજ્યુકેશન પૉલિસીના ઘડતર માટે કેન્દ્ર સરકારને મોકલી આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા કેટલાય સમયમથી દેશમાં નવી ઍજ્યુકેશન પૉલિસી તૈયાર કરવાની કામગીરીનો આરંભ કરવામાં આવ્યો છે, જેના ભાગરૂપે દેશનાં વિભિન્ન રાજ્યોમાં ઍજ્યુકેશન સમિટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. થોડા સમય પહેલાં ગુજરાત યુનિવર્સિટી અને કેસીજી ખાતે પણ આ પ્રકારની કૉન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. હવે આગામી તારીખ પાંચમી ડિસેમ્બરના રોજ જીટીયુ ખાતે આ બાબતે એક કૉન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. કૉન્ફરન્સમાં ઉપસ્થિત દરેક કુલપતિ પાસે નવી ઍજ્યુકેશન પૉલિસી કેવી હોવી જોઈએ અને હાલની પૉલિસીમાં કયા કયા ફેરફાર જરૂરી છે તે અંગે વિશદ સૂચનો માગવામાં આવશે. સવારે ૧૧ કલાકે કૉન્ફરન્સનું ઉદ્‌ઘાટન યોજાશે અને ૩.૩૦થી કુલપતિઓ અને અધિકારીઓ વચ્ચે ખુલ્લી ચર્ચા યોજાશે. આ કૉન્ફરન્સના અંતે લેવામાં આવનારા નિર્ણયો, સૂચનો, મંતવ્યો કેન્દ્રના માનવ સંસાધન વિકાસ મંત્રાલયને નવી ઍજ્યુકેશન પૉલિસીના ઘડતર માટે મોકલી આપવામાં આવશે.

# પાંચ તત્ત્વોથી બનેલાં આપણાં શરીરને ચલાવનાર આત્મા એક જ્યોતિ છે



## પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા દેવદિવાળી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૭

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના સૅક્ટર-૩ સેવા કેન્દ્ર દ્વારા દેવદિવાળી નિમિત્તે આધ્યાત્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઓમકાર ઍગ્રો કૅમિકલ્સ પ્રા. લિ., ગાંધીનગરના મૅનેજિંગ ડિરેક્ટર તથા આધ્યાત્મિક પ્રવક્તા મનોજભાઈ પટેલનું આધ્યાત્મિક પ્રવચન આ પ્રસંગે યોજાયું હતું. તેમણે દીપક કેમ પ્રગટાવવામાં આવે છે તેનું આધ્યાત્મિક રહસ્ય સમજાવતાં જણાવ્યું હતું કે આપણાં પાંચ તત્ત્વોથી બનેલા શરીરને ચલાવનાર આત્મા એક જ્યોતિ છે અર્થાત શરીર એ માટીનું કોડિયું છે, આત્મા એ દીપક છે, જેને આધ્યાત્મિક જ્ઞાનપ્રકાશ દ્વારા જાગૃત કરી અજ્ઞાનના અંધકારને દૂર કરવાનો છે. જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવી સૌએ સંસ્કારરૂપી પરિવર્તન કરવાનું છે એવી શીખ તેમણે પોતાના પ્રવચનમાં આપી હતી.

સેવા કેન્દ્રના ઈન-ચાર્જ સુનિતાદીદીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે જીવનમાં શુદ્ધિ માટે નિયમિત આધ્યાત્મિક અભ્યાસ દ્વારા આત્માથી જ્યોત જગાવવાની છે. તેમણે સૌને જીવન પરિવર્તન અંગેના શપથ લેવડાવ્યા હતા.

મનુભાઈ ચાવડાએ સુંદર ગીત પ્રસ્તુત કર્યું હતું, કૉર્પોરેટર શંકરભાઈ ચૌધરીએ દિવાળીની શુભકામનાઓ સૌને પાઠવી હતી. બ્રહ્માકુમારી ધર્મિષ્ઠાદીદીએ દિવાળીના આધ્યાત્મિક રહસ્યની સમજ સૌને આપી હતી અને દિવાળી નિમિત્તે જેમ આપણે ઘરનો કચરો સાફ કરીએ છીએ તેમ મન-બુદ્ધિમાંથી વ્યર્થ સંકલ્પરૂપી કચરો દૂર કરવાની શીખ તેમણે આપી હતી.

આ પ્રસંગે ૨૦૦ જેટલા આધ્યાત્મિક બંધુ-ભગિનીઓએ વિશ્વશાંતિ માટે યોગ કર્યો હતો.

કાર્યક્રમમાં રાજ્યના વન સંરક્ષક ઈન્દ્રવદનભાઈ ચૌહાણ, ઉદ્યોગ સાહસિક ભરતભાઈ પટેલ, વિજ્ઞાની કશ્યપભાઈ, નિવૃત્ત જોઈન્ટ ડિરેક્ટર ચીમનભાઈ સદાદિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંત ભાગમાં આભારવિધિ બ્રહ્મકુમાર નંદુભાઈ દ્વારા કરવામાં આવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
પ્રેમ રતન ધન પાયો
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
છેલ્લો દિવસ
૧.૦૦, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
સ્પેક્ટર (અંગ્રેજી)
૪.૪૫
ધ હંગર ગેમ્સ
૨.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
સવારે ૧૦.૦૦
પ્રેમ રતન ધન પાયો
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
તમાશા
૧૦.૦૦, ૯.૩૦

## ગુજરાત યુનિવર્સિટી દ્વારા
# પરીક્ષા ફી સાથે ડિગ્રીની ફી વસૂલાઈ હોવા છતાં પુનઃ ફીની માગણી !!!

### જે વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મની સાથે ડિગ્રીની ફી ભરી છે તેમણે હવે ડિગ્રી ફી ભરવાની રહેતી નથી : પરીક્ષા નિયામકની સ્પષ્ટતા

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત યુનિવર્સિટીમાં આગામી દિવસોમાં યોજાનારા પદવીદાન સમારંભ માટે હાલ વિદ્યાર્થીઓને ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી છે. જે વિદ્યાર્થીઓએ ચાલુ વર્ષે પરીક્ષા આપી હોય તેઓએ ફી ભરવાની રહેતી નથી. પરંતુ વિદ્યાર્થીઓ હાલ ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવે ત્યારે તેમની પાસે ફીની માંગણી કરતાં હજારો વિદ્યાર્થીઓ પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકયા નહોતા. અનેક વિદ્યાર્થીઓએ આ મુદ્દે યુનિવર્સિટીમાં આવીને પરીક્ષા નિયામક સમક્ષ ઉગ્ર રજૂઆતો પણ કરી હતી. જેના મુદ્દે પરીક્ષા નિયામકે આગામી દિવસોમાં આ અંગે સત્તાવાર જાહેરાત કરવાની બાંહેધરી આપી હતી.

યુનિવર્સિટી દ્વારા હાલ પદવી એટલે કે ડિગ્રી મેળવવા ઈચ્છતાં વિદ્યાર્થીઓને ઓનલાઇન રજિસ્ટ્રેશન કરીને તેની ફી ભરવાની સૂચના આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પદવી માટે અલગથી ફી ભરવી ન પડે તે માટે હવે પરીક્ષા ફીની સાથે જ ડિગ્રી માટેની ફી વસુલવાનું શરૂ કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે પરીક્ષા ફોર્મ ભરનારા તમામ વિદ્યાર્થીઓ પાસેથી ડિગ્રી માટેની ફી અગાઉ મેળવી લેવામાં આવી છે. જે વિદ્યાથીઓએ પરીક્ષા ફોર્મની સાથે જ ડિગ્રીની ફી ભરી દીધી છે તેઓએ ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવાની પણ તસ્દી લીધી નહોતી. જેના પગલે તાજેતરમાં કુલપતિએ ડિગ્રીની ફી ભરી હોય તો પણ ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવું તેવી સૂચના આપવી પડી હતી. હવે નવાઈની વાત એ કે જે વિદ્યાર્થીઓએ ફી ભરી દીધી તેઓ ઓનલાઇન રજિસ્ટ્રેશન કરતાં હોય ત્યારે રજિસ્ટ્રેશનની પહોંચમાં તેઓએ ફી ભરી નથી તેવી સૂચના પહોંચમાં જોવા મળતી હતી. આ મુદ્દે અનેક વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. કેટલાક વિદ્યાર્થીઓએ એનએસયુઆઇ સમક્ષ આ મુદ્દે ફરિયાદ કરી હતી. જેના અનુસંધાનમાં સહિત કેટલાક વિદ્યાર્થીઓએ પરીક્ષા નિયામક સમક્ષ ફરિયાદ કરી હતી. પરીક્ષા નિયામકે જે વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મની સાથે ડિગ્રીની ફી ભરી છે તેમણે હવે ડિગ્રી માટેની ફી ભરવાની રહેતી નથી તેમ જણાવ્યું હતું.

# આઈઆઈએમએ દ્વારા પહેલી વિમેન લિડરશીપ સમિટનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ મૅનૅજમૅન્ટ ઍસોસિએશન, અમદાવાદની વિમેન લિડરશીપ સોસાયટી દ્વારા પહેલવહેલી વાર વિમેન લીડરશીપ સમિટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સમિટમાં સ્ત્રીઓને કામના ક્ષેત્રે નડતી સમસ્યાઓ અને સ્ત્રી નેતૃત્વથી આ સમસ્યાઓના ઉકેલ અંગે ચર્ચા કરવામાં આવશે.

કાર્યસ્થળના વાતાવરણમાં થતા ઝડપી પરિવર્તનને ધ્યાનમાં રાખી આ સમિટની થીમ 'ચેન્જિંગ ટાઈમ્સ' રાખવામાં આવી છે. સિવિલ સર્વિસ, સોશિયલ આંત્રપ્રોન્યોરશીપ, ફાર્માસ્યુટિકલ્સ, સોફ્ટવેર ટેક્નોલોજી, કન્ઝ્યુમર કેર જેવા વિવિધ ક્ષેત્રોની સ્ત્રીઓ તેમના અનુભવો સમિટમાં શેર કરશે.

પેનલ ડિસ્કશનમાં ઈનોસન્ટ હીરોઝ ફાઉન્ડેશનના શીતલ ખારકા, આઈઆઈએમએના પ્રો. નિહારિકા વોહરા, કર્ણાટક સરકારના ફૂડ-સિવિલ સપ્લાય તથા કન્ઝ્યુમર અફેર્સના પ્રિન્સિપલ સેક્રેટરી કલ્પના ગોપાલન, ઝાયડસ કેડિલાના સીએફઓ નિતિન પારેખ, દેવીના સ્થાપક લક્ષ્મી છાર, ફાર્મા સીડીએમના મેડિકલ રાઈટિંગ અને રિસ્ક મોનિટરિંગના ઉપપ્રમુખ ડો. નિમિતા લિમાયે અને માઈક્રોસોફ્ટના પ્રોગ્રામ મેનેજર મૈત્રી ગણપતિ ઉપસ્થિત રહેશે.

# ૧૧થી ૧૩ દરમ્યાન કદમ્બનો સુવર્ણ પર્વ બિરજુ મહારાજ દ્વારા કથક રજૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૭

કથક નૃત્યાંગના પદ્મશ્રી કુમુદિની લાખિયા દ્વારા અમદાવાદમાં કદમ્બ સેન્ટર ફોર ડાન્સ શરૂ કરવામાં આવ્યું એના પચાસ વર્ષની ઉજવણીરૂપે શહેરમાં સુવર્ણ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૧ થી ૧૩ ડિસેમ્બર દરમિયાન યોજાનારા આ પર્વમાં પં. બિરજુ મહારાજ ઉપરાંત દિલ્હી, અમદાવાદ, બેંગલોર સહિત, કેનેડા, જાપાન અને ન્યૂયોર્કના કલાકારો વિવિધ રજૂઆત કરશે.

અમદાવાદના શહેરના જાણીતા કથક કલાકારો મૌલિક અને ઈશિરા પરિખ, વૈશાલી ત્રિવેદી, સંજુક્તા સિંહા દ્વારા પણ વિવિધ કલા પ્રસ્તુતિ આપવામાં આવશે.

આ ઉત્સવમાં કદમ્બના ૩૦૦થી વધુ શિષ્યો કથક નૃત્ય રજૂ કરશે. હાલ ન્યૂયોર્કમાં રહેલાં પારૂલ શાહ, અદિતી મંગળદાસ કંપની, દિલ્હી કથક કેન્દ્ર, જાપાનના એત્સુકો મેદા, યયોઈ સયુરી સહિતની નૃત્ય પ્રસ્તુતિ રસપ્રદ બની રહેશે. આ અંગે વાત કરતાં કદમ્બના સ્થાપક કુમુદિની લાખિયાએ જણાવ્યુ હતું કે, ' આ પહેલો પ્રસંગ છે, જ્યારે કદમ્બના જૂનાથી લઈને અત્યાર સુધીના બધા જ વિદ્યાર્થીઓઓ અમદાવાદમાં એકઠા થઈ રહ્યા છે.

આ ઉત્સવના અંતિમ દિવસે કથકસમ્રાટ પંડિત બિરજુ મહારાજની નૃત્ય પ્રસ્તુતિ જોવા મળશે. સામાન્ય રીતે સપ્તક જેવા સંગીત સમારોહમાં શ્રોતાઓને બિરજૂ મહારાજના નૃત્યને માણવાનો લ્હાવો મળે છે, જે આ વખતે બેવડાશે.

# જીટીયુ દ્વારા અધ્યાપકોને વિદ્યાર્થીઓનાં મૂલ્યાંકનની વિશેષ સત્તા આપવામાં આવશે

### હાલમાં અધ્યાપકો પાસે માત્ર ૫૦ માર્કસની સત્તા છે, તે ૧૦૦થી ૧૨૦ માર્કસ સુધીની કરાશે
### યુનિવર્સિટી પરીક્ષામાં પણ સૌથી વધુ સત્તા અને જવાબદારી અધ્યાપકોને સોંપાશે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ) સાથે જોડાયેલી તમામ ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજોમાં અભ્યાસ કરતાં હજારો વિદ્યાર્થીઓ પોતાના અધ્યાપકોને ખાસ મહત્ત્વ આપતા નથી એવી ફરિયાદ છે. પરંતુ હવે પછી આ પ્રકારની માનસિક્તા ધરાવતાં વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મૂકાઈ શકે તેમ છે. કારણ કે જીટીયુ દ્વારા નવી પરીક્ષા પદ્ધતિ તૈયાર કરાઈ રહી છે, જેમાં સૌથી વિશેષ સત્તા અધ્યાપકોના હાથમાં સોંપવાનું નક્કી કરાયું છે. આ માટેની બ્લ્યુ પ્રિન્ટ તૈયારી કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં મળનારી બોર્ડ ઓફ ગવર્નન્સની બેઠકોમાં આ નવી સિસ્ટમ મંજૂરી માટે રજૂ કરાશે. મંજૂરી મળ્યા બાદ નવા સત્રથી કોલેજમાં નવી સિસ્ટમ પ્રમાણે પરીક્ષા લેવાનું શરૂ કરાશે.

હાલમાં યુનિવર્સિટીના નિયમ પ્રમાણે જે હાજરી જરૂરી હોય તેટલી પૂરી થયા પછી મોટાભાગના વિદ્યાર્થીઓ કોલેજમાં આવતાં નથી. યુનિવર્સિટી દ્વારા લેવાતી પરીક્ષામાં કોલેજના અધ્યાપકનો ખાસ રોલ ન હોવાથી વિદ્યાથીઓ તેમને સહજતાથી લેતાં હોય છે. આ પ્રકારની સ્થિતિના કારણે કોલેજ અને અધ્યાપકનું કોઈ વિશેષ મહત્વ રહેતું નથી. જીટીયુની હાલની પરીક્ષાની પદ્ધતિમાં ૫૦ માર્ક્સ વિદ્યાથીઓના જુદા જુદા કાર્યોના, ૩૦ માર્કસ ઈન્ટરનલ અને મુલ્યાંકનના અને ૭૦ માર્કસની પરીક્ષા લેવામાં આવે છે. આ સિસ્ટમમાં કુલ મળીને અધ્યાપકના હાથમાં ૫૫ માર્કસ જેટલી સત્તા હોય છે. બાકીના ૧૦૦ માર્કસની સત્તા યુનિવર્સિટીની હોવાથી વિદ્યાર્થીઓ અધ્યાપકોને મહત્વ આપતાં નથી. સૂત્રો કહે છે મોટાભાગના વિદ્યાર્થીઓ જીટીયુએ જાહેર કરેલી ફરજિયાત હાજરી પુરી કર્યા પછી કોલેજ આવવાનું પણ યોગ્ય સમજતાં નથી. આ સ્થિતિમાં અધ્યાપક અને વિદ્યાથીઓ વચ્ચે જે ટાઈ-અપ હોવું જોઈએ તે જળવાતું નથી. યુનિવર્સિટી દ્વારા હવે પરીક્ષામાં ધરખમ ફેરફાર કરવાની તૈયારી શરૂ કરી છે. દરેક વિદ્યાર્થી જે વર્ગમાં અભ્યાસ કરતો હોય તેના અધ્યાપક જ તેને સૌથી વધુ સારી રીતે સમજી શકતાં હોય છે. વર્ગમાં કયો વિદ્યાર્થી હોશિયાર છે, કયો વિદ્યાર્થી કયા વિષયમાં નબળો છે તેની સૌથી વધુ સારી સમજ દરેક વર્ગના અધ્યાપકને હોય છે. આ વાતને ધ્યાનમાં રાખીને હવે જીટીયુની સમગ્ર પરીક્ષા પદ્ધતિને નવેસરથી રીફોર્મ કરવાની તૈયારી કરવાનું નક્કી કરાયું છે. જેમાં દરેક વર્ગના પ્રોફેસરોને સૌથી વધુ સત્તા આપવાનું નક્કી કરાયું છે. હાલમાં દરેક પ્રોફેસર પાસે વધુમાં વધુ ૫૫ માર્ક્સ આપવાની સત્તા છે. જે વધારીને ૧૦૦ કે તેનાથી પણ વધારે કરવાનું નક્કી કરાયું છે. યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષામાં પણ સૌથી વધુ સત્તા અને જવાબદારી પ્રોફેસરોને સોંપાશે. પ્રોફેસરો દ્વારા થતાં મુલ્યાંકનને વિશેષ મહત્વ આપવાના કારણે વિદ્યાર્થી નિયમિત રીતે વર્ગખંડમાં હાજરી આપતો થાય અને નિયમિત રીતે પ્રોફેસરના સંપર્કમાં રહેશે તેવું માનવામાં આવે છે. પરીક્ષા સિસ્ટમને રીફોર્મ કરવાની કવાયત પૂરી થઈ ચુકી છે. આગામી દિવસોમાં મળનારી બોર્ડ ઓફ ગવર્નન્સની બેઠકમાં આ નવી સિસ્ટમ રજૂ કરાશે. બોર્ડની મંજૂરી મળ્યા બાદ દરેક કોલેજોમાં તે લાગુ કરાશે.

# કાવ્યમુદ્રા દ્વારા ૪ ડિસે.થી ત્રણ દિવસીય કાવ્ય-ગઝલ મહોત્સવ યોજવામાં આવશે

### ઈર્શાદ કામિલ, તુષાર શુક્લ, અનિલ જોશી, રાજેશ વ્યાસ, માધવ રામાનુજ, રામેન્દ્ર ત્રિપાઠી, જેવા કવિઓ પોતાની કવિતા-ગઝલો રજૂ કરશે

ગાંધીનગર, તા. ૨૭

'કાવ્યમુદ્રા' દ્વારા આગામી તા. ૪ થી ૬ ડિસેમ્બર દરમિયાન રાત્રે ૮-૩૦ વાગે, અમૃત મોદી સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ ખાતે ત્રણ દિવસના કાવ્ય ગઝલ મહોત્સવનું આયોજન થયું છે.

'અવસર અજવાળાનો' શીર્ષક સાથે યોજાનાર આ કાર્યક્રમમાં અંતિમ દિવસે રોકસ્ટાર, તમાશા, હાઈવે જેવી અનેક ફિલ્મોનાં ગીતો લખનાર ઈર્શાદ કામિલ પોતાની રચનાઓ રજૂ કરશે.

આ પ્રસંગે તુષાર શુક્લ, અનિલ જોશી, રાજેશ વ્યાસ 'મિસ્કીન', માધવ રામાનુજ, મુન્નવર રાણા, રામેન્દ્ર ત્રિપાઠી, એશા દાદાવાળા, પ્રણવ પંડ્યા અને મિલિન્દ ગઢવી જેવા કવિઓ પોતાની કવિતા-ગઝલો રજૂ કરશે.

# હકારાત્મક અભિગમ અંગે એક શિક્ષકનો દ્રષ્ટિકોણ

## વિપરીત પરિસ્થિતિમાં પણ સંભાવના હોય છે, 'કાળા વાદળની કોર પણ વીજળીથી રૂપેરી હોય છે'

જ્યારે પણ હકારાત્મક અભિગમની ચર્ચા થાય , ત્યારે તુરંત જ આપણું મન કહેશે સાચી વાત, નકારાત્મક અભિગમ ન જ હોવો જોઈએ. પણ શું હકારાત્મક અભિગમને સ્વીકારવા માટે નકારાત્મક અભિગમ વિશે વિચારવું જરૂરી છે ? શું અંધકારના અસ્તિત્વ વગર ઉજાશને ના સમજી શકાય ?

આ વાતને એક ટૂંકી વાર્તા દ્વારા સમજીએ. નદી કિનારે એક વિદ્યાર્થી આશ્રમ હતો. એકવાર ગુરુજી આશ્રમમાંથી થોડા દિવસો માટે બહારગયા. જતી વખતે પોતાના શિષ્યોને અત્યાર સુધીમાં શીખવેલી વિદ્યાનો સદુપયોગ કરી લોકોપયોગી કાર્યો કરવાનું કહેતા ગયા. આ સમય દરમ્યાન દીપક નામનો એક શિષ્ય, દરરોજ જંગલમાં લાકડાં લેવા જતો હતો. એક દિવસ તેણે એક યુવાનને નદીકિનારે આમતેમ ફરતો જોયો. યુવાન તકલીફમાં હતો, તેણે ઘણા દિવસોથી ભોજન કર્યું ન હતું. યુવાનને મળીને દીપકને ગુરુજીનો વિદ્યાનો સદુપયોગ કરી લોકોપયોગી કાર્યો કરવાનો ઉપદેશ યાદ આવી ગયો. નદી કિનારે નારીયેળીનાં વૃક્ષો હતાં. ગુરુજીએ દીપકને નાળિયેરી પર ચડતાં શીખવેલું. એ તુરંત નાળિયેરી પર ચડી ગયો અને યુવાન માટે નાળિયેર તોડી લાવ્યો. ભૂખ્યો યુવાન ખુશ થઈગ યો, તેને જોઈ દીપક પણ પ્રસન્ન થઈગયો. આ ક્રમ પછી રોજનો બની ગયો. યુવાન દીપકની રાહ જોતો અને દીપક તેને નાળિયેર તોડી આપતો. થોડા દિવસો પછી ગુરુજી પરત આવ્યા. તેમણે પોતાની ગેરહાજરીમાં શિષ્યોએ કરેલાં લોકોપયોગી કાર્યો વિશે પૂછ્યું. દીપકે હર્ષથી પોતે યુવાનને કરેલી મદદ વિશે જણાવ્યું. દીપકને એમ કે ગુરુજી આજે તો જરૂર તેની પીઠ થાબડશે, પણ એમ બન્યું નહીં. ગુરુજીએ દીપકને સમજાવ્યું કે આટલા બધા દિવસોથી રોજ નાળિયેર આપ્યા કરતાં તે જો એ યુવાનને નાળિયેરી પર ચડતાં શીખવ્યું હોત તો હંમેશાં માટે તે પોતાની જરૂરિયાત પૂર્ણ કરી શકત.



## વાચકોની કોલમ

તો હવે વિચારો, શું દીપકનો અભિગમ નકારાત્મક હતો ? બિલકુલ નહીં. તો શું ગુરુજીનો અભિગમ નકારાત્મક હતો ? ના બિલકુલ નહીં.

કહેવાનું તાત્પર્ય એ છે કે સારી રીતે કરેલા સારા કાર્યને પણ વધુ સારી રીતે કરી શકાય છે અને તેની અસરકારકતા વધારી શકાય છે.

મારી દ્રષ્ટિએ શિક્ષણમાં ત્રણ બાબતોમાં હકારાત્મક અભિગમ કેળવવાની જરૂર છે :

૧. પરીક્ષાલક્ષી શિક્ષણ પધ્ધતિને, વ્યક્તિ નિર્માણલક્ષી બનાવીએ.
૨. દરેક વિદ્યાર્થીમાં રહેલી સર્જનાત્મકતાની શોધ કરીએ.
૩. શિક્ષક પોતાની જાતને વિદ્યાર્થી સમજે.

જાણીતાં ઑસ્ટ્રેલિયન લેખિકા રહોન્ડા બર્ને 'સિક્રેટ' નામનું પુસ્તક લખ્યું છે, જેની ભારતમાં અંગ્રેજીમાં ચાર લાખ અને અન્ય ભારતીય ભાષાઓમાં પણ અનેક નકલો વેચાઈ છે. આ પુસ્તકમાં તેમણે સફળતાની ચાવી આપી છે. તેમના મતે પોઝીટીવ થિંકિંગ એટલે કે હકારાત્મક અભિગમનું 'સિક્રેટ' આપણા વિચારોમાં રહેલું છે. તેમના મતે સિક્રેટનું સિક્રેટ આપણી એક ગુજરાતી કહેવતમાં સમાયેલું છે : 'કર વિચાર તે પામ.'

આજના યુગમાં મન પર કાબૂ સૌથી આવશ્યક બાબત છે. સવારના પહોરમાં ઍસઍમઍસ દ્વારા, ઈમેઈલ દ્વારા કે પછી ફેસબૂકની વૉલ પર, ટ્વીટ દ્વારા પોઝિટિવ થિંકિંગના મૅસેજ આપનાર શક્ય છે કે બીજાને નહીં, પરંતુ પોતાની જાતને જ આશ્વાસન આપતા હોય. આવા સંજોગોમાં ધ્યાન દ્વારા, વાચન દ્વારા અને ચિંતન દ્વારા પોતાના મગજને હકારાત્મક દિશામાં વળીને અને વિપરીત પરિસ્થિતિ સામે તત્કાલ બાંયો ચડાવવાના આપણા શૂરવીર અભિગમમાં થોડી હકારાત્મકતા લાવી પરિસ્થિતિને સહજ રીતે સ્વીકારી, સમજી, આપણાં સંસાધનોને ચકાસી અને પછી નિર્ણય લઈએ. યાદ રાખીએ, વિપરીત પરિસ્થિતિમાં પણ સંભાવના હોય છે. 'કાળા વાદળની કોર પણ વીજળીથી રૂપેરી હોય છે.'

**- ડો. મિતેશ જયસ્વાલ**

# રજની કુમાર પંડ્યાની નવલકથા પરની ફિલ્મનું વિશ્વકોષમાં સ્ક્રિનિંગ

### નિમેષ દેસાઈ આ ફિલ્મ વિશે માહિતી આપશે

ગાંધીનગર, તા. ૨૭

વિશ્વકોશ ખાતે ૨૮ નવેમ્બર શનિવારે, વિશ્વકોશ ભવન ખાતે સાંજે ૫-૩૦ વાગ્યે 'પરભવના પિતરાઈ' નવલકથાની ત્રીજી આવૃત્તિનું વિમોચન અને તેના પરથી બનેલી ટેલિફિલ્મનું સ્ક્રિનિંગ થશે. રજની કુંમાર પંડ્યા તેમની આ નવલકથા અને નિમેષ દેસાઈ તેમની આ ફિલ્મ વિશે માહિતી આપશે.



ક્રિએટીવ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા સરગાસણ ખાતે સ્થિત માનસિક વિશિષ્ટ બાળકોની નિવાસી શાળા 'માનવ સ્મૃતિ' ખાતે એક સાંજ વિશિષ્ટ બાળકો સાથે ગાળવામાં આવી હતી અને વિશિષ્ટ બાળકોને આનંદ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સેવાકાર્યમાં ક્લબના સંકેત પોપટ, હેલી પોપટ, સ્નેહ ચક્રવર્તી, મિલન ભટ્ટ, મોનિકા ઠક્કર, પ્રિયાંક ઠક્કર વગેરે યુવા સભ્યો જોડાયાં હતાં.